सत्यमेव जयते

| | |
|---|---|
| કેસ દાખલ તારીખ | ૧૫–૧૦–૨૦૨૪ |
| કેસ નોંધણી તારીખ | ૧૫–૧૦–૨૦૨૪ |
| કેસ ફેંસલ તારીખ | ૨૧–૦૪– ૨૦૨૬ |
| સમયગાળો | વર્ષ–માસ–દિવસ |
| | |

**જામજોધપુરના મહેરબાનશ્રી પ્રિન્સીપાલ સીવીલ જજ સાહેબની અદાલતમાં,**
**મુ.જામજોધપુર.**

**જુના નંબર રે.દી.મુ.નં–૪૭/૨૦૨૪**
**રે.દિ.મુ.નં. ૪૭/૨૦૨૪.**
**આંક–૪૧**

**પશ્ચિમ ગુજરાત વીજ કંપની લીમીટેડ,**
મારફતે –નાયબ ઈજનેર શ્રી,
પી.જી.વી.સી.એલ.
વેરાડ સબ ડીવીઝન,
ત્રણ પાટીયા તા.ભાણવડ ..... ..... વાદી.

વિરૂધ્ધ

**ભરતભાઈ રાયદેભાઈ શીર**
ઉ.વ.આ.પુખ્ત,ધંધો: ખેતી,
રહે. મોબાઈલ ટાવર સામે,
ચામુંડા માતાજીના મંદીર પાસે
ઘેલડા તા. જામજોધપુર જી. જામનગર ..... ..... પ્રતિવાદી.

બાબત :– **વીજ બીલની લેણી રકમ રૂા. ૩૦,૪૦૪–૯૪/– પૈસા વસુલ મળવા.**

વાદી પક્ષે વિધ્વાન વકીલશ્રી :– **એમ.ટી.નાણાવટી.**
પ્રતિવાદી પક્ષે વિધ્વાન વકીલશ્રી :– **એક તરફી.**

**<u>-:: ચુકાદો ::-</u>**

૧. હાલના વાદીએ પ્રતિવાદી પાસેથી દાવાની વિગતે વીજ બીલની લેણી રકમરૂા.૩૦,૪૦૪-૯૪/- પૈસા વસુલવા દાવા મુજબ દાદ માંગેલ છે.

૧.૧ આ કામનાં વાદી કાયદાથી રચાયેલી સંસ્થા છે, અને પોતાના નિયમો ઘડી પશ્ચિમ ગુજરાતમાં વિજળી વિતરણ અને વિસ્તરણની સેવાઓ આપે છે. પ્રતિવાદી જામજોધપુર તાલુકાનાં ઘેલડા મુકામે રહે છે. વાદી વિજળી બીલ માટે ચોકકસ ટેરીફ (ભાવ) ધરાવે છે અને વાદીનાં કાયદેસરનાં ગ્રાહકો જે વિજળી વાપરે તે વિજ પ્રવાહ એનર્જી મીટરમાં થઈને જે તે ગ્રાહકનાં વપરાશમાં જાય છે. હાલનાં પ્રતિવાદી વાદીનાં ગ્રાહક નથી, ઘેલડા વાદીના સેવા ક્ષેત્રનું ગામ છે.

૧.૨ આ કામનાં પ્રતિવાદી જામજોધપુર તાલુકાનાં ઘેલડા ગામનાં રહીશ છે. અનેઘેલડા ગામે પોતાની માલીકીનાં માલીકીના મકાન ધરાવે છે. આ કામનાં પ્રતિવાદી પોતાના મકાન ઉપર પાવર ચોરી કરી વિજ વપરાશ કરેલો.

૧.૩ ગઈ તા.૧૨/૦૪/૨૦૨૩ નાં વાદીનાં અધિકારી શ્રી પાર્થ દીલશુખભાઈ ટાંક તથા સ્ટાફ પાવર ચોરી અંગે તપાસમાં હતાં પ્રતીવાદીનુ મકાન રબારીકાથી ધુનડા તરફ જતા રસ્તા ઉપર આવેલ છે. આ રહેણાક મકાનમાં વાદી કંપનીનુ કોઈ વીજ મીટર જોવા મળેલ નહી. પ્રતીવાદી પોતાના મકાનની બાજુમાથી પસાર થતી વાદી કંપનીની હળવા દબાણની લાઈનનાં વીજ પોલ ઉપર પીળા કલરના સર્વીસ કેબલ ના એક છેડે હુક બનાવી ડાયરેકટ વીજ લાઈનમાં જોડી, સર્વીસ ને જમીનમાં દાટી દઈ ફળીયામાં થળ તેનો બીજો છેટો મકાન પાસેથી બહાર કાઠી પોતાના રહેણાક મકાનનાં લોર્ડ સાઈડમાં જોડી અન અધીકૃત રીતે વીજ ચોરી કરતા પકડાયેલ.

૧.૪ આ કામમાં વાદીના અધિકારીએ સ્થળ ઉપર તપાસણી અહેવાલ તૈયાર કરેલ, સ્થળ ઉપર પંખા-૪, લેમ્પ-૮, ટીવી-૧, ઘરઘંટી-૧, ફીઝ-૧ મળીને કુલ ૧૪૩૭ વો વીજળી વારપતા પકડાયેલ, અને

વાદીના અધીકારીએ સ્થળ ઉપરથી ૧૨ મીટર જેટલો પીળા કલરનો કેબલ વાયર કબ્જે કરેલ.

૧.૫ આ કામે વાદીનાં અધિકારીઓએ પાવરચોરી પકડી સ્થળ ઉપર રોજકામ તથા તપાસણી અહેવાલ તૈયાર કરેલ. જેમાં સ્થળ ઉપર હાજર પ્રતિવાદીના પ્રતીનીધીએ સહી કરવા ઈન્કાર કરેલ. વાદીનાં અધિકારીઓએ સ્થળ ઉપર રોજકામ તથા સ્થળ પરના ફોટોગ્રાફ્સ લીધેલ જે ફોટોગ્રાફ્સ વાદીના અધીકારીએ પોતાનાં કાયમી મોબાઈલમાં પાડેલા જે વાદી સબડીવીઝન કચેરીનાં કોમ્પયુટરમાં ટ્રાન્સફર કરેલા તથા તપાસણી અહેવાલ તૈયાર કરી કેબલ વિગેરે કબજે કરેલ જે વાદીની કચેરીમાં જમા થતા વાદી પોતાના કર્મચારી મારફતે અને વાદીનાં ધારાધોરણ મુજબ ગણતરી કરેલ.

૧.૬ આ કામનાં વાદી પોતાના કર્મચારી મારફતે નિયમીત રીતે પોતાના હિસાબો નિભાવે છે અને હિસાબ માટેનાં નિભાવાતા લેઝરમાં બીનગ્રાહક તરીકે પ્રતિવાદીનું ખાતું નાંખી પ્રતિવાદીએ વાપરેલ વિજળીનો વાદીનાં ધારા ધોરણ મુજબ હિસાબ કરી પ્રતિવાદીને વિજ વપરાશનાં રૂા.૨૭,૧૩૫–૮૮ તથા કંપાઉન્ડીંગ ચાર્જનાં રૂા. ૨૦૦૦/– મળી કુલ રૂા.૨૯,૧૩૫–૮૮ નું બીલ આપેલ છે. જે બીલ પ્રતિવાદી ને મળી ગયેલ છે. જેની વિગતે રકમ ભરવા વાદીની કચેરી તરફથી અનેક તાકીદ કરવામાં આવેલ છે.

૧.૭ આ પ્રતિવાદીને બીલ આપવા જવા છતાં પાવર ચોરી અંગેની રકમ પ્રતિવાદીએ ન ભરતા પ્રતિવાદીને તા.૨૭–૦૬–૨૦૨૩ નાં રોજ લીગલ નોટીસ આપેલી. જે કાનુની નોટીસ આ કામનાં પ્રતિવાદીને મળી ગયેલી છે તેમ છતા પ્રતિવાદીએ આજ તારીખ સુધી બાકી લેણી રકમ ભરપાઈ કરવા કોઈ તજવીજ કરેલી નથી.

૧.૮ વિજળી અધિનિયમ–૨૦૦૩ ની જોગવાઈઓ મુજબ આ કામનાં પ્રતિવાદી વિરૂધ્ધ વાદીએ પી.જી.વી.સી.એલ નાં ખાસ પોલીસ સ્ટેશનમાં કલમ–૧૩૫ મુજબનો ગુન્હો ગુન્હા રજી.નં. ૧૨૮૪/૨૦૨૩ થી દાખલ કરેલ છે. આ કામે પાવર ચોરી અંગેની

ચેકીંગ રીપોર્ટ વગેરે કચેરીને મળતાં ગણતરી પત્રક તૈયાર કરી પ્રતિવાદીને પાવર ચોરીનું બીલ આપવામાં આવેલું. જે લેણી રકમ તમામ ધોરણસર કાર્યવાહી કરવા છતા પ્રતિવાદીએ ભરપાઈ ન કરતા હાલનો દાવો લાવવા ફરજ પડેલી છે.

૧.૯ આ કામે વાદીએ નાણા ભરી જવા પ્રતિવાદીને લેખીત જાણ કરવા છતા પ્રતિવાદીએ નાણા ભરપાઈ કરવા કોઈ દરકાર ન કરતા વાદીએ પોતાના વકીલ મારફતે તા. ૦૨-૦૯-૨૦૨૩ નાણા ભરી જવા અંતિમ તાકીદ કરતી નોટીસ કરેલી, તેમ છતા પ્રતિવાદીએ પૈસા ભરવા દરકાર કરેલી નથી. આમ વાદીના પાવર ચોરીનાં બાકી રોકાતા નાણા ઉપર વાર્ષિક ૧૫ ટકા વ્યાજની રકમ વસુલ લેવા હકકદાર થયેલ છે.

૧.૧૦ વાદી પોતાના કામકાજ દરમ્યાન નાણાકીય વહેવારો માટે નિયમીત હીસાબનાં ચોપડા નિભાવે છે અને વાદી લેઝરમાં પ્રતિવાદીનું ખાતુ છે. આ તમામ ગ્રાહકોના ખાતા વાદીનો સ્ટાફ પોતાની ફરજના ભાગ રૂપે દરરોજ અને નિયમીત હીસાબો રાખે છે. વાદીના હીસાબમાં પ્રતિવાદી પાસે રૂા. ૩૦,૪૦૪-૯૪ પૈસા બાકી લેણા ઉભા છે. તમામ ધોરણસરની કાર્યવાહી કરવા છતા પ્રતિવાદીએ નાણા ચુકવવા કોઈ દરકાર કરેલી નથી. આમ વાદી બાકી રકમ, વિલંબીત ચાર્જ અને અન્ય ચાર્જ મેળવવા હકકદાર થયેલ છે. આ બાકી લેણા લીગલ નોટીસ છતા પ્રતિવાદીએ ન ભરતા હાલનો દાવો લાવવા ફરજ પડેલ છે.

૧.૧૧ જેથી હાલનો દાવો લાવી દાદ માંગવાની કે :-

(અ) આ કામે વીજ વપરાશની બાકી નીકળતી લેણી રકમ રૂા. ૩૦,૪૦૪-૯૪ અંકે રૂપિયા ત્રીસ હજાર ચારસો ચાર અને ચોરાણુ પૈસા પુરા પ્રતિવાદી જાત મિલ્કતથી વાદીને વસુલ આપે તેવું હુકમનામુ વાદીના લાભમાં કરી આપવા અરજ છે.

(બ) વાદી વિજળી વિતરણ અને વિસ્તરણ કરતા હોય પ્રતિવાદી પક્ષે નાણા ચુકવવાની જવાબદારી હોય લેણી રકમ ઉપર ટેરીફના નિયમો

મુજબ વાર્ષિક ૧૫ ટકા વ્યાજના અને વિલંબીત ચાર્જની રકમ ચુકવે તેવો આદેશ કરવા અરજ છે.

(ક) આ કામે દાવો પ્રતિવાદીના કસુરે લાવવો પડતો હોય દાવાનું થયેલ તેમજ થવાનું તમામ ખર્ચ અપાવવા અરજ છે.

(ડ) કુદરતી ન્યાય અને સમ ન્યાયના આધારે મળવા પાત્ર અન્ય તમામ દાદ અપાવવા અરજ છે.હુકમ તથા હુકમનામુ વાદીનાં લાભમાં કરી આપવા અરજ કરેલ છે.

૩. હાલનો દાવો વાદી દવારા નામ. પ્રિનસીપાલ સવીલ જજ સાહેબ ભાણવડની કોર્ટ માં દાખલ કરેલ છે. ત્યાર બાદ તા.૦૫/૦૭/૨૦૨૪ ના રોજ સી.પી.સી. ઓ–૭ રૂલ–૧૦ મુજબ દાવો વાદી ને પરત કરત વાદી દવારા વાદો અત્રની કોર્ટમાં રજુ કરતા મારા પુરોગામીશ્રી દવારા આંક–૧ લગત હુકમ કરી દાવો રજીસ્ટરે લેવામાં આવેલ ત્યાર બાદ દાવાનો સમન્સ પ્રતિવાદીને આંક– ૭ થી ધોરણસર બજી ગયેલ હોય તેમ છતા પ્રતિવાદી જાતે કે વકીલ મુખત્યાર મારફત કોર્ટ સમક્ષ હાજર ન થતા કે દાવાનો કોઈ જવાબ કે રીપોર્ટ ન આવતા વાદીની આંક–૮ ની અરજી અન્વયે હુકમ કરી પ્રતિવાદીનો જવાબનો હકક બંધ કરવામાં આવેલ ત્યારબાદ તા.૧૦/૧૦/૨૦૨૫ ના રોજ પ્રતિવાદીનો વાદીની ઉલટ તપાસનો હકક બંધ કરવામાં આવેલ છે. તેમજ વાદીની આંક–૪૦ ની અરજી અન્વયે હુકમ કરી પ્રતિવાદી નો પુરાવાનો હકક બંધ કરવામાં આવેલ છે.

૪. બાદમાં આ કામે આંક–૦૯ થી મુદ્દાઓ ફ્રેમ કરવામાં આવેલ છે તે મુદ્દાઓ પુરવાર કરવા માટે વાદીએ નીચે મુજબનો પુરાવો રજુ કરેલ છે.

**–:: વાદીપક્ષનો મૌખિક પુરાવો ::–**

| ક્રમ નં | વિગત. | આંક |
|---|---|---|

| | | |
|---|---|---|
| ૧. | વાદી કંપનીના જવાબદાર અધીકારી પ્રદીપકુમાર વાલજીભાઇ પરમાર નુ સરતપાસનુ સોગંદનામુ | **૧૨** |
| ૨. | વાદી કંપનીના જવાબદાર અધિકારી પાર્થ દિલસુખભાઇ ટાંક નુ સરતપાસનું સોગંદનામું. | **૩૮** |

**–:: વાદીપક્ષનો દસ્તાવેજી પુરાવો ::–**

| ક્રમ નં | વિગત. | આંક |
|---|---|---|
| ૧. | દાવો દાખલ કરવાની પરવાનગીનો પત્ર | ૧૫ |
| ૨. | દાવો દાખલ કરવાની પરવાનગી | ૧૬ |
| ૩. | એફ.આઈ.આર.નો જાવક | ૧૭ |
| ૪. | એફ.આઈ.આર. | ૧૮ |
| ૫. | એનેક્ષ્ચર–૪ | ૧૯ |
| ૬. | ગેઈટ પાસ | ૨૦ |
| ૭. | ચેકીંગશીટ | ૨૧ |
| ૮. | રોજકામ નકશા સાથે | ૨૨ |
| ૯. | સ્થળના ફોટોગ્રાફ્સ | ૨૩ |
| ૧૦. | એનેક્ષચર–સી | ૨૪ |
| ૧૧. | લેઝર | ૨૫ |
| ૧૨. | વીજ ચોરીનુ બીલ | ૨૬ |
| ૧૩. | કંપાઉન્ડીગ ચાર્જ નુ બીલ | ૨૭ |
| ૧૪. | પુરવણીબીલ | ૨૮ |
| ૧૫. | લીગલ નોટીશ | ૨૯ |
| ૧૬. | એકનોલેઝમેન્ટ | ૩૦ |
| ૧૭. | વકીલ મારફતે નોટીશ | ૩૧ |
| ૧૮ | રજીસ્ટર એડીની પાવતી | ૩૨ |
| ૧૯ | પરત આવેલ કવર | ૩૩ |

| | | |
|---|---|---|
| ૨૦ | સ્થળ તપાસણી અહેવાલ | ૩૪ |
| ૨૧ | બ્રીફનોટ | ૩૫ |
| ૨૨ | પ્રફોમા–૧૨ | ૩૬ |
| ૨૩ | પુરાવો પુરો થયાની પુરશીશ | ૩૯ |

આ કામે પ્રતિવાદી તરફે કોઈ લેખિત કે મૌખિક પુરાવો આપવામા આવેલો નથી.

૫. આ કામે **આંક–૦૯** થી ઘડવામાં આવેલ મુદ્દાઓ નીચે મુજબ છે.

૧. Whether Plaintiff Co. proves that, Defendant Illegally Committed theft of electricity?

૨. Whether Plaintiff co. proves that, Despite of Service of Notice Defendant not Paid due theft electricity bill amount Rs.27,135-88 P.?

૩. Whether Plaintiff proves that, Suit is within period of Limitation?

૪. Whether Plaintiff entitled to get relief as prayed for?

૫. What Order and Decree?

૬. વાદીપક્ષે રજુ થયેલ પુરાવાનું અને વાદીના વિધ્વાન વકીલશ્રીની દલીલોનું કાળજીપુર્વક મુલ્યાંકન કરીને દાવાના નિકાલ માટે ઉપસ્થિત થયેલા ઉપરોકત મુદ્દાઓના નિર્ણયો નીચે મુજબ કરેલ છે.

**મુદ્દા નં.૧:–** હકારમાં

**મુદ્દા નં.૨:–** હકારમાં.

**મુદ્દા નં.૩:–** હકારમાં

**મુદ્દા નં.૪:–** અંશત: હકારમાં.

**<u>મુદ્દા નં.૫:–</u>** આખરી હુકમ મુજબ.

૭. ઉપરોકત નિર્ણયો કરવા અંગેના કારણો નીચે મુજબ છે.

**<u>–::કા ર ણો::–</u>**

**<u>મુદ્દા નં.૧ તથા ૨ :–</u>**

આ કામે સરળતા ખાતર મુદ્દા નં.૧ થી ૨ ની ચર્ચા એકીસાથે અલગ અલગ કરવામાં આવેલ છે.

આ કામે રેકર્ડ જોતા પ્રતિવાદીને દાવાનો સમન્સ ધોરણસર બજી જવા છતા પ્રતિવાદી તરફે હાજર રહી કોઈપણ પ્રકારનો બચાવ સદર દાવાના કામે કરેલ નથી કે દાવા જવાબ રજુ કરવા કે પુરાવો આપવા દરકાર કરેલ નથી. તેથી મજકુર પ્રતિવાદી નો જવાબનો તેમજ વાદીની ઉલટ તપાસનો તેમજ પ્રતિવાદીનો પુરાવાનો હકક બંધ કરવામાં આવેલ છે. પરંતુ પ્રતિવાદી દવારા જવાબ ન રજુ કરવા અને તેમના દવારા ઉલટ તપાસ કે પુરાવો રજુ ન કરવા માત્રથી વાદીનો દાવો સાચો છે તેમ માની શકાય નહી. વાદી જયારે દાવા મુજબની દાદ માગતા હોય ત્યારે પોતાના પગ પર ઉભા રહી દાવાની હકીકતો પુરવાર કરવી પડે સામાપક્ષની નબળાઇ નો લાભ લઇ વાદીએ પોતાનો દાવો પુરવાર કરેલ છે તેમ માની શકાય નહી. આમ ઉપરોકત કાનુની પરીસ્થીતી ધ્યાને લઇ ચર્ચા કરીએ તો આ કામે વાદી તરફે સી.પી.સી.ઓ.–૧૮ રૂલ –૪ અન્વયે પોતાના દાવાની હકિકત પુરવાર કરવા માટે આંક–૧૨ થી વાદી કંપનીના જવાબદાર અધિકારી દવારા સરતપાસનું સોગંદનામું રજુ કરી દાવાની હકિકતને સમર્થન આપેલ છે અને મજકુર સાહેદના પુરાવાના સોગં દનામામાં તેઓએ આંક–૧૫ થી આંક–૩૬ મુજબનો પુરાવો રજુ કરેલ છે જેથી હકીકતોનુ પુનરાવર્તન નીવારવા તેનો ફરી અંહી ઉલ્લેખ

કરવામાં આવેલ નથી. તેમજ આંક–૩૮ થી ચેકીંગ કરનાર અધીકારીને તપાસવામાં આવેલ છે. આ કામે વાદી તરફે પડેલ પુરાવાની હકીકત ધ્યાને લેતા તા.૧૨/૦૪/૨૦૨૩ના રોજ વાદીના અધીકારીઓ દવારા પ્રતિવાદીના રહેણાક મકાનમાં ચેક કરતા પ્રતિવાદીએ અનઅધીકૃત રીતે વાદી કંપનીના હળવા દબાણની વિજલાઇન પરથી પોતાના રહેણાક મકાને લોડ સાઇડમાં જોડી અનઅધીકૃત રીતે વિજ વપરાશ કરતા હોવાનુ આંક–૨૧ તથા આંક–૨૨ થી રજુ થયેલ ચેકીંગ શીટ તથા સ્થળ રોજકામ જોતા ફલીત થાય છે. વધુમાં સદર પાવર ચોરી અન્વયે વાદી કંપની દવારા પ્રતિવાદી વિરૂધ્ધ એફ.આઇ.આર. નોંધવા પત્ર લખેલ હોવાનુ તેમજ તે પત્રના આધારે પ્રતિવાદી વિરૂધ્ધ એફ.આઇ.આર. નોંધાયેલ હોવાની હકીકતને આંક–૧૭ તથા આંક–૧૮ થી રજુ થયેલ દસ્તાવેજ થી સર્મથન પ્રાપ્ત થાય છે. તેમજ આંક–૨૮ થી વાદી દવારા પ્રતિવાદીને પુરવણી બીલ આપેલ હોવાનુ તેમજ લીગલ નોટીસ આંક–૨૯ થી આપેલ હોવાનુ તેમજ સદર નોટીસ આંક–૩૦ થી બજેલ હોવાનુ તેમજ આંક–૩૧ થી તેમના વકીલશ્રી મારફત નોટીસ મોકલાવેલ હોવાનુ અને તે રીફયુઝના શેરા સાથે પરત ફરેલા નુ આંક–૩૩ થી રજુ થયેલ નોટીસનુ કવર ધ્યાને લેતા ફલીત થાય છે. તેમજ વાદી દવારા આંક–૨૫થી રજુ રાખેલ લેઝર ધ્યાને લેતા તમા હાલના પ્રતિવાદીનુ નામ આવેલ છે અને તેમા પ્રતિવાદી પાસે વ્યાજ તેમજ નોટીસ ખર્ચ મળિ રૂા.૩૦૪૦૪.૯૪ પૈસા લેણા નીકળતા હોવાનુ દર્શાવેલ છે. પરંતુ તેમા દર્શાવેલ વ્યાજ અને નોટીસ ખર્ચ કઇ રીતે મેળવવા હકકદાર છે તે દર્શાવવા કોઇ પુરાવો વાદી દવારા રજુ રાખેલ નથી તેવા સંજોગોમાં વિજવપરાશના રૂા.૨૭૧૩૫–૮૮ પૈસા પ્રતિવાદી પાસેથી મેળવવા હકકદાર હોવાને ન માનવાને કોઇ કારણ નથી. આમ કામના પ્રતિવાદી વાદી કંપનીના ગ્રાહક ન હોવા છતા અનઅધીકૃત રીતે વીજવપરાશ કરેલ હોવાનુ અને રેકર્ડ પરના પુરાવાથી ફલીત થાય છે.

અને વીજચોરી નુ પુરવણી બીલ પ્રતિવાદીને આપવા છતા તેમજ નોટીસ આપવા છતા પ્રતિવાદીએ વીજચોરીની લેણી રકમ રૂા. ૨૭૧૩૫ – ૮૮ પૈસા ભરપાઈ કરેલ નથી તેવુ પડેલ પુરાવાથી પુરવાર થાય છે. વધુમાં વાદી તરફે રજુ થયેલ લેખીત મૌખીક પુરાવાને પ્રતિવાદી તરફે હાજર રહી ચેલેન્જ કરેલ નથી કે સદર પુરાવાની હકીકતોનુ ખંડન કરતા કોઈ પુરાવો રજુ રાખેલ નથી. જેથી વાદીના પુરાવાની હકીકતોને ન માનવાને કોઈ કારણ જણાતુ નથી. આમ ઉપરોકત ચર્ચાના અંતે **મુદા નં– ૧ તથા ૨** નો જવાબ આથી **સંયુકત રીતે હકારમાં** ઠરાવવામાં આવે છે.

**મુદા નં–૩**

મુદા નં–૩ અંગે ચર્ચા કરીએ તો આ કામના પ્રતિવાદી તારીખ–૧૨/૦૪/૨૦૨૩ ના રોજ વીજચોરી કરતા પકડાયેલ છે અને વીજચોરીની લેણી રકમ અંગે તા.૦૨/૦૯/૨૦૨૩ ના રોજ અંતીમ ડીમાન્ડ નોટીસ આપેલ છે. ત્યાર બાદ તા.૧૧/૦૬/૨૪ ના રોજ હાલનો દાવો લાવેલ છે. આમ વાદીનો દાવો વીજચોરીની લેણી રકમ અંગેનો હોય ત્યારે સમય મર્યાદા અધીનીયમની જોગવાઇઓ ધ્યાને લેતા વાદીનો દાવો સમય મર્યાદામાં જણાય છે. જેથી **મુદા નં–૩** નો જવાબ આથી **હકારમાં** ઠરાવવામાં આવે છે.

**મુદ્દા નં. ૪ :**

સદર મુદ્દા સંબંધે ઉપરોકત મુદ્દા નં.૧ તથા ૨ માં કરેલ ચર્ચાને આધારે તથા તમામ રેકર્ડ ઉપરના પુરાવાને ધ્યાને લેતાં વીજચોરીની પુરવણી બીલની રકમ પ્રતિવાદી પાસેથી મેળવવા તથા લેણી રકમ ઉપર ટેરીફના નીયમો મુજબ વાર્ષિક ૧૫ ટકા વ્યાજના અને વિલંબીત ચાર્જની રકમ ચુકવવા દાદ માંગેલ હોય . પરંતુ વાદી તરફેના પડેલ રેકર્ડ પરના પુરાવાથી સ્પષ્ટપણે ફલિત થાય છે કે, આ

કામના પ્રતિવાદી વાદી બોર્ડના ગ્રાહક નથી આમ, પ્રતિવાદી જયારે વાદી બોર્ડના ગ્રાહક ન હોય અને વાદી બોડ સાથે કોઈ કરાર થયેલ ન હોય તેમજ વાદી પ્રતિવાદી પાસેથી કેટલા સમયગાળાનું વ્યાજ તથા કેટલા ટકા પ્રમાણે મેળવવા વાદી હકકદાર છે તે હકિકતલક્ષી કોઈ સ્પષ્ટ આધારભુત પુરાવો વાદી પક્ષે રજુ કરેલ નથી કે તેવા કોઈ વ્યાજનો ઉલ્લેખ કરવામાં આવેલ નથી જે હકિકત ઘ્યાને રાખી કાયદાકીય જોગવાઈ મુજબ વાદી માંગણી મુજબની લેણી રકમ ઉપર માંગણી મુજબનુ વ્યાજ મેળવવા હકકદાર હોવાનું માનવાને કારણ રહેતું નથી. પરંતુ હાલનો દાવો વીજ ચોરીની લેણી રકમ વસુલ મેળવવાનો હોય તેવા સંજોગોમાં સી.પી.સી ની કલમ –૩૪ ની જોગવાઈ ઘ્યાને લઈ વાદી સંસ્થાને હુકમ ની તારીખથી લેણી રકમ ઉપર ૬ ટકાના સાદા દરે વ્યાજ અપાવવુ ઉચિત જણાય છે તેમજ આ કામના પ્રતિવાદીને નોટીસ આપવા છતા દાવા મુજબની વીજવપરાશની રકમ ભરપાઇ ન કરતા પ્રતિવાદીની કસુરના કારણે વાદી દાવો લાવેલ હોય જેથી દાવાનો ખર્ચ પણ વાદીને અપાવવો ઉચીત જણાતો હોય જેથી **મુદ્દા નં.૪** નો જવાબ <u>**અંશત: હકારમાં**</u> આપવામાં આવે છે.

આમ, ઉપરોકત તમામ મુદ્દા નં.૧ થી ૪ માં કરેલ ચર્ચા અને જવાબના આધારે મુદ્દા નં.૫ ના જવાબ તરીકે નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

## <u>–:: આખરી હુકમ ::–</u>

૧. આથી વાદીનો દાવો અંશત: મંજુર કરવામાં આવે છે.

૨. આ કામના પ્રતિવાદીએ દાવામાં જણાવેલ બીલની રકમ

**રૂા. ૨૭,૧૩૫–૮૮ પૈસા(અંકે રૂપીયા સત્યાવીસ હજાર એકસો પાંત્રીસ અને અઠયાસી પૈસા પુરા)** દિન–૬૦ માં વાદીને ચુકવી આપવાનો હુકમ કરવામાં આવે છે.

૩. સદરહું રકમ પ્રતિવાદી વાદીને ચુકવવામાં કસુર કરે તો, વાદી પ્રતિવાદીની જાત વ હરેક પ્રકારની મિલ્કતમાંથી વસુલ લેવા હકકદાર છે તેવું ઠરાવવામાં આવે છે.

૪. વધુમાં પ્રતિવાદી દાવામાં જણાવેલ કુલ બીલની રકમ રૂા. ૨૭,૧૩૫–૮૮ પૈસા ચુકવવામાં કસુર કરે તો હુકમ તારીખથી રકમ વસુલ થતા સુધી વાર્ષિક ૬ ટકા લેખે સાદુ વ્યાજ વાદીને ચુકવી આપવું.

૫. વાદીના દાવાનું ખર્ચ પ્રતિવાદીએ ભોગવવું.

૬. આ હુકમ મુજબ હુકમનામું દોરવું.

હુકમ આજરોજ તારીખ: ૨૧ મી, માહે: એપ્રીલ , સને: ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કરવામાં આવ્યો.

જામજોધપુર,
તા. ૨૧/૦૪/૨૦૨૬

**(નરેશકુમાર રમેશભાઈ ગોહેલ**
પ્રિન્સીપાલ સીવીલ જજ,
જામજોધપુર.
***JUDGE CODE: GJ 01584***